

# કોરોના સંક્રમણ અટકાવવા કચ્છના ગ્રામીણ પરિવારોનો અનોખો સેવાયજ્ઞ

**કોરોના જંગના મૂક યોદ્ધાઓને મુખ્યમંત્રીએ વિડીયો કોન્ફરન્સથી અભિનંદન પાઠવ્યા : કચ્છ માધાપર જૈન સમાજ અને દરજી યુવાઓ રોજના એક લાખ માસ્ક તૈયાર કરી કચ્છ પંથકમાં વિનામૂલ્યે વિતરણ કરે છે**







ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ કોરોના વાયરસ કોવિડ-૧૯ સામેના જંગમાં મૂક યોદ્ધા તરીકે સેવાકાર્ય થકી રોજના ૧ લાખ માસ્ક બનાવી વિનામૂલ્યે વિતરણ કરતા કચ્છી યુવાઓની સેવાપરાયણતાને અભિનંદન પાઠવ્યા છે.

માધાપર (કચ્છ) જૈન સમાજ અને દરજી યુવાઓ સંયુકતપણે રોજના ૧ લાખ માસ્ક તૈયાર કરે છે અને વહિવટીતંત્રના સહયોગથી વિનામૂલ્યે તેનું વિતરણ કરી કોરોના વાયરસ સંક્રમણને ફેલાતું અટકાવવાના મૂક સિપાઇ બન્યા છે.

વિજયભાઇ રૂપાણીએ આ સેવાવ્રતીઓ સાથે ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ સંવાદ કરીને તેમની સેવાભાવનાને બિરદાવી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે, આ લડાઇ લાંબી છે અને જનસહયોગ-લોકજાગૃતિ અને સ્વયં માસ્ક બાંધી રાખવો, વારંવાર હાથ ધોવા જેવા નિયમોના અનુપાલનથી આપણે તેમાં પાર ઉતરવાનું છે.

તેમણે આ સેવાવ્રતીઓની સેવાને ઈશ્વરીય કાર્ય ગણાવતા કહ્યું કે, ઈશ્વરે માનવ સેવાના સારા-ઉમદા કાર્ય કરવાની તમને સૌને પ્રેરણા આપી છે એટલે તમને સૌને આ માસ્ક બનાવવાની અને તેનું વિતરણ કરીને કોરોના વાયરસની આ કપરી સ્થિતીમાં જીવન બચાવવાની સેવા તક મળી છે.

“માસ્ક ન પહેરનાર વ્યકિત સ્વયં તો સંક્રમિત થાય છે જ પરંતુ પોતાના મ્હોમાંથી થૂંક-લાળ કે વાતચીત દ્વારા નીકળતા વાયરસથી અન્યને પણ સંક્રમિત કરે છે એટલે કે આત્મહત્યા અને ખૂન બેય ગૂના કરે છે’’ એવો મત વ્યકત કરતાં શ્રી વિજયભાઇ રૂપાણીએ આ બે-બે ગૂનામાંથી શકય તેટલા વધુ લોકોને બચાવવાના પ્રેરણા કાર્ય માટે માસ્ક બનાવવાથી વિતરણ સુધીની સેવાપ્રવૃત્તિમાં જોડાયેલા સૌને બિરદાવ્યા હતા અને કચ્છને કોરોનામુકત રાખવાનો સંકલ્પ પાર પાડવા અપિલ કરી હતી.

આ યુવાઓએ પણ કોરોના સામેના જંગમાં રાજ્ય સરકાર મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં જે ઝડપી અને અસરકારક પગલાં લઇ રહી છે તેનો આભાર વ્યકત કર્યો હતો.

## જન્મદિને વધામણી



જિતેન્દ્ર સી શાહ
મો. ૯૮૨૪૬ ૨૨૧૩૧



વ્રિંદા મેહુલભાઈ પટેલ
મો. ૯૮૨૪૮ ૧૨૧૧૧



જયસુખ પી રાજપુત



અક્ષર અરવિંદભાઈ વૈષ્ણવ
મો. ૮૯૮૦૮ ૨૫૩૬૨



વંશ આતડીયા

# સી.એમ. નર્સિંગ કૉલેજ દ્વારા ઓનલાઈન એજ્યુકેશન







ગાંધીનગર, તા. ૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત, સી.એમ. પટેલ કૉલેજ ઓફ નર્સિંગ અને વોલ્ટર કલુવર ઈન્ડિયા પ્રા. લી.ના સંયુકત્ ઉપક્રમે ‘હાઉ ટુ એકસેસ ઈ -બુકસ પ્લેટફોર્મ એન્ડ વેરિયર્સ ફીચર્સ ઑફ અવર પ્લેટફોર્મ’ વિષય પર યોજાયો હતો. આ વેબિનાર કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય કૉલેજના આ લાઈબ્રેરીયનનો એ હતો કે આ લોકડાઉનના સમયમાં પ્રોફેસર દ્વારા ઓનલાઈન એજ્યુકેશન અપાય છે પરંતુ બુકસ વગર વિદ્યાર્થીઓને ભણવું શક્ય નથી તેથી આ વિચાર સાથે ઈ- બુક્સ કલેકશન કરીને વિદ્યાર્થીઓને ઈ-બુકસ આપવાની વ્યવસ્થા કરી. તેમાં વિદ્યાર્થીઓને ઈ-બુક્સ એકસેસ કરવામાં મુશ્કલી પડતી હતી, તો વેબિનાર દ્વારા ઓનલાઈન એક્સેસ કેવી રીતે કરી શકાય તેમાં હાઈલાઈટ અને સ્ટીડીનોરનો ઉપયોગ કેવી રીતે કરવો જેવી બાબતો સમજાવવામાં આવી.

વાલ્ટર કલુવર ઈન્ડિયા પ્રા. લી. ટીમના સભ્યો સંદીપ વાડેકર, સચીન પટેલ તથા પ્રિયાંક નાયક દ્વારા વિદ્યાર્થીઓને ખૂ સરળતાથી ઓનલાઈન પ્રેઝેન્ટેશન દ્વારા સમજાવવામાં આવ્યું હતું. આ વેબિનાર વર્ક ફોર્મ હોમનું ઉત્તમ ઉદાહરણ છે. ડૉ. અંજના બારોટ દ્વારા વેબિનારનું સંચાલન કરવામાં આવ્યું હતું. તેમાં પ્રિ. રાજેશ રાવલનો પણ સહયોગ રહ્યો હતો. આ વેબિનારમાં ૧૨૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



હાલ ના સમયમાં નોવેલ કોરોના વાઈરસ (COVID-19)નાં ફેલાવાથી સમગ્ર વિશ્વમાં મહામારી ફેલાઈ રહી છે.આ વાઈરસના ચેપથી સમગ્ર વિશ્વમાં અનેક લોકો સંક્રમિત થયા છે. ભારતમાં નોવેલ કોરોનાને નિયંત્રણ કરવા માટે સમગ્ર ભારતમાં લોકડાઉન આપવામાં આવ્યું છે. આ લોકડાઉન દરમિયાન નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના રાષ્ટ્રીય યુવા વોલ્યન્ટર્સ અને અન્ય યુવાનો ની મદદ દ્વારા સમગ્ર ગાંધીનગર જિલ્લા ના દરેક તાલુકા માં કોરોના સંક્રમિત લોકો સુધી જરૂરી જ્ઞાન પહોચે તે માટે સોસીયલ ડીસ્ટન્સીંગને ધ્યાનમાં રાખીને હોમ વીઝીટ સર્વે કરવામાં આવ્યુ , તેમજ કોરોનાથી બચવાના ઉપાયો દર્શાવતા બર્નર તેમજ ટેમ્પ્લેટનું વિતરણ કરવામાં આવ્યું, લોકોમાં ઈમ્યુંનીટીનો વધારો થાય તે માટે કેટલાક ગામમાં હોમિયોપેથિક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું, તેમજ ગરીબો અને જરૂરિયાત વર્ગો સુધી પ્રસાસનની મદદ થી તૈયાર કરેલ રેશનની કીટોના વિતરણ, ફેસ માસ્ક બનાવવા તેમજ તેનું વિતરણમાં યુવા વોલ્યન્ટર્સ એ પોતાની ભૂમિકા નિભાવી તેની સાથે સાથે મજુરો અને ગરીબ લોકો સુધી ગરમા-ગરમ જમવાનું મળી રહે તેવી વ્યવસ્થા અને આયોજન માં નેહરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા વોલ્યન્ટર્સ એ પોતાની ભૂમિકા નિભાવી હતી. જે અભિનંદન ને પાત્ર છે

# શારીરિક શિક્ષણ વિભાગ વિદ્યાપીઠ, સાદરાના અધ્યાપક કોરોના વોરિયર તરીકે કામગીરી કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૪

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, ગૂજરાત વિધાપીઠ, સાદરાના અધ્યાપક ડો. નીરજ સિલાવટ કોરોના વાયરસની સામે એક કોરોના વોરિયર તરીકે કામગીરી કરી રહ્યા છે આ લડાઈમાં ભારત સરકારના નિયમોને ધ્યાનમાં રાખી લોકોને સોશલ ડિસ્ટન્સના નિયમના પાલન કરી અનાજ વિતરણ અને તેમને ખાવા પીવાની વસ્તુઓ મોટી માત્રામાં ગરીબ અને જરૂરતમંદ લોકોને આપી રહ્યા છે સાથે સાથે ગરીબ લોકોને માસ્કનું વિતરણ પણ કરી રહ્યા છે અને સાથે સાથે ઈન્દોરના પાળિયા અને અન્ય ગામોમાં વિવિધ પ્રકારની સર્વેની કામગીરી પણ કરી રહ્યા છે અને સોશલ મીડિયાના માધ્યમથી આ મહામારી વિષે લોકોને જાગૃત્ત કરી રહ્યા છે અને આયુષ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી



જાગૃત્તિના સાહિત્ય સોશલ મીડિયાના માધ્યમથી લોકો સુધી પહુચાવી રહ્યા છે જયારે વિશેષમાં શારીરિક શિક્ષણ અને યોગના નિષ્ણાત હોવાથી યોગ, પ્રાણાયામ અને ધ્યાન દ્વારા લોકો કેવી રીતે પોતાની રોગ પ્રતિકારક શક્તિ વધારી શકે છે અને કોરોના સામે લડી શકે છે તેવા સાહિત્ય તૈયાર કરી અને ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા વિશ્વ યોગ દિવસ પર તૈયાર કરેલી યોગ સાહિત્ય પ્રોટોકોલ સોશલ મીડિયાના માધ્યમથી લોકો સુધી પહોંચાડી રહ્યા છે અને પોતાના સ્વય સેવકો, વિધાર્થી અને ભૂતપૂર્વ વિધાર્થીને ભારત સરકારની યુવા કલ્યાણ અને ખેલ મામલે મંત્રાલયની આઈગોટ દીક્ષા વેબસાઈટ પર રજીસ્ટર્ડ કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે અને પોતાના સ્વય સેવકો, વિધાર્થી અને ભૂતપૂર્વ વિધાર્થીને કોરોના સામે પોતેજ વિવિધ પ્રકારની કોરોના વાયરસને લગતી પ્રવૃત્તિઓ કરી આદર્શ ઉદાહરણ પ્રસ્તુત કરી રહ્યા છે જેનાથી સ્વય સેવકો, વિધાર્થી અને ભૂતપૂર્વ વિધાર્થીઓ પોત પોતાના ગામોમાં ભારત સરકારના લોક ડાઉનના નિયમોને ધ્યાનમાં રાખી કોરોના વાયરસની લડાઈને લગતી વિવિધ પ્રવૃત્તિઓ કરી કોરોના વાયરસ જાગરૂકતા અભિયાનમાં પોતાનું યોગદાન આપી શકે અને આ વાતને સત્ય સાબિત કરતા તેમના સ્વય સેવકો ખુબજ ધગસ સાથે ગુજરાત રાજયના વિવિધ ગામોમાં કોરોના સામે કોરોના વોરિયર તરીકે કામગીરી કરી રહ્યા છે વિશેષમાં ડો. નીરજ સિલાવટ સોશલ ડિસ્ટન્સને ધ્યાનમાં રાખી ગરીબ અને જરૂરતમંદ લોકોને ભારત સરકાર દ્વારા આપેલી ગાઈડ લાઈન પ્રમાણે કોરોના વાયરસની લડાઈમાં એક સાચા ગૂજરાત વિધાપીઠના અધ્યાપક અને સાચા રાષ્ટ્રીય સેવા યોજના પ્રોગ્રામ ઓફિસરની ફરજ નિભાવી રહ્યા છે વિશેષમાં તેમના પિતા ડૉ. નીરજ સિલાવટને રાષ્ટ્રીય સેવા યોજનામાં ઉત્તમ કામગીરી બદલ ભારત સરકાર દ્વારા મહામહિમ રાષ્ટ્રપતિ ડો. પ્રણબ મુખર્જીના હસ્તે વર્ષ ૨૦૧૫-૧૬માં રાષ્ટ્રપતિ ભવનના દરબાર હાલમાં રાષ્ટ્રપતિ એવોર્ડ પણ મળી ચુક્યો છે તેમની આ સરસ કામગીરી માટે કુલનાયકશ્રી ડો. અનામિક્ભાઈ શાહ , કાર્યકારી કુલસચિવશ્રી ડો. ભરતભાઈ જોશી, માનદ નિયામકશ્રી ડો. રાજેન્દ્ર ભાઈ ખીમાણી, ડીનશ્રી ડો. પ્રભુલાલ કાસુન્દ્રા અભિનંદન આપી રહ્યા છે.

# મગોડી ગામમાં ચાલતા રાહેલબા વૃદ્ધાશ્રમની નિઃસ્વાર્થ સેવા જોવા જેવી છે



ગાંધીનગર, તા. ૪

નિર્મળ સેવા ટ્રસ્ટ સંચાલિત ગાંધીનગર તાલુકાના મગોડી ગામમાં ચાલતા રાહેલબા વૃદ્ધાશ્રમમાં ૫૫ વૃદ્ધોને રાખી, વિનામૂલ્યે ભરણપોષણ કરી, રહેવા-જમવાની અને સ્વચ્છતા જાળવવાની કાળજી પ્રમુખ નિર્મળા બહેન દ્વારા લેવાઈ રહી છે. માનસિક બિમારીથી પીડાતા અશક્ત વૃદ્ધોને આસરો આપવો તે આ રાહેલબા વૃદ્ધાશ્રમની ખાસિયત છે.

આ વૃદ્ધોની સંભાળ તેમના કુટુંબના દીકરા-દીકરીઓ કયારેય લેવા માટે આવતા નથી, એટલે કે જેને કોઈના સંઘરે તેને રાહેલબા વૃદ્ધાશ્રમ સંઘરે તેવા વૃદ્ધાશ્રમની મુલાકાત ચિલોડા ગામના પત્રકાર નટુભાઈ પટેલના માર્ગદર્શનની મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ અને ડૉ. નયનેશ વસાવાએ મુલાકાત લીધી હતી. સાથે શ્રી જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર - સાદરા અને સર્વોદય ટ્રસ્ટના સહયોગથી ૨૦૦ ફૂટ પેકેટનું વિતરણ શૈલેષભાઈ શાહ, કનુભાઈ ગોસ્વામી, પ્રદીપ રાઉલ અને આશવભાઈ શાહના હસ્તે કરવામાં આવ્યું. જે બે દિવસના ભોજનની વ્યવસ્થા ગોઠવાઈ.

રાહેલબા વૃદ્ધાશ્રમની નિઃસ્વાર્થ સેવા જોવાથી જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્રના ટ્રસ્ટી કનુભાઈ ગોસ્વામી દ્વારા હવે પછીના દિવસોમાં અન્નદાન કરવાની ભાવના વ્યક્ત કરી હતી.

# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ‘કોવીડ-૧૯ નાબૂદ કરવા આયુષ મંત્રાલય દ્વારા અપનાવેલ નવીન અભિગમ’

**‘આયુર્વેદિક ઉકાળો અને યોગ એ કોવીડ ૧૯ સામે લડવા માટેનો એક અકસીર ઈલાજ છે’ : કેન્દ્રીય આયુષ મંત્રી, શ્રીપદ નાયક**

ગાંધીનગર, તા. ૪

આજે સમર્ગ વિશ્વ માં અદ્રશ્ય અને જીવલેણ એવા કોરોના વાયરસ મહારોગ ને લીધે હાહાકાર સર્જાયો છે, તેને લીધે સેકંડો લોકો ના મૃત્યુ થયા છે અને લાખો લોકો આ વાયરસ થી સંક્રમિત થયા છે ત્યારે મોટા ભાગના દેશો માં સંપૂર્ણ કે આંશિક લોકડાઉનની પરિસ્સ્થીતિ છેલ્લા એક મહિના થી વધુ પ્રવર્તી રહી છે.

અદ્યતન સાયન્સ તથા એલોપેથી જયારે હજુ સુધી આ વાયરસ સામે કોઈ નક્કર રસી શોધી નથી શક્યું ત્યારે એક માત્ર આપણી પ્રાચીન ભવ્ય સંસ્કૃતિ ને આધીન આયુર્વેદિક અને હોમીઓપેથીક શાસ્ત્ર માં બતાવેલ ઉપચાર થી રોગપ્રતિકારક શક્તિ વધારી ને આ વાયરસ સામે રક્ષણ કરવું શક્ય બન્યું છે.

તાજેતર માં, આયુષ વિભાગ દ્વારા લેવામાં આવેલા નક્કર અને સજાગ પગલાંઓ ને લીધે કોવીડ-૧૯ પર જે કાબુ મેળવ્યો છે તે આજે વૈશ્વિક મંચ પર પ્રશંસાને પાત્ર બન્યો છે. આ વિષય પર વિદ્યાર્થીઓ, વાલીમિત્રો અને ફેકલ્ટી મેમ્બર્સ સાથે વિસ્તૃત વાત કરવા તા.૦૩ મે ૨૦૨૦ ના રોજ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા એક ખાસ ઓનલાઈન સેશન નું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં એકમાત્ર મુખ્ય વક્તા તરીકે માનનીય કેન્દ્રીય મંત્રી શ્રીમાન શ્રીપદ યેસો નાયક, આયુર્વેદ, યોગ અને નિસર્ગોપચાર, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી (આયુષ) વિભાગ ના મંત્રી શ્રી અને સંરક્ષણ રાજ્ય પ્રધાનના કેન્દ્રીય રાજ્ય પ્રધાન (સ્વતંત્ર હવાલો) ને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા આયોજિત આ ઓનલાઈન સેશન માં ૫૦૦૦ થી વધુ પાર્ટિસિપન્ટસ એ ભાગ લીધો હતો, તેમાં મુખત્વે તમામ સ્ટાફ મેંબર્સ, હાલ ભણી રહેલા તેમ જ દેશ અને વિદેશો માં સ્થાયી થયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીમિત્રોએ ખુબ ઉત્સાહભેર હાજર રહ્યા હતા. વેબિનાર ની શરૂઆત માં યુનિવર્સિટી ના પ્રેસિડેન્ટ શ્રી રિષભ જૈન, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી આદિ જૈન અને પ્રોવોસ્ટ ડો. કાર્તિક જૈન દ્વારા માનનીય મંત્રી શ્રીપદ નાયક નું ઉષ્માભેર, લાગણીશીલ અને સન્માનપૂર્વક સ્વાગત કર્યું હતું.શ્રી રિષભ જૈને જણાવ્યું હતું કે, વિશ્વ માં આજે સૌથી કપરો સમય ચાલી રહ્યો છે તેવા સમય માં આજે સૌ કોઈને આયુષ વિભાગ પર આશા અને ભરોસો છે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી એ પહેલ કરીને ઉમદા હેતુ હેઠળ પોતાના ગાંધીનગર કેમ્પસ ખાતે આવેલી હોસ્ટેલ અને હોસ્પિટલ ની જગ્યા ને જો જરૂર પડે તો કવોંરોનટાઇલ માટે ફાળવવા ગુજરાત સરકાર ને નમ્ર અપીલ કરી છે અને જેની સ્વીકૃતિ પણ પ્રાપ્ત થઈ છે. તેઓએ સ્વર્ણિમ યુનિવર્સિટી ના હેલ્થ સાયન્સ વિભાગ દ્વારા શરુ આવેલ વિવિધ પ્રવૃતિઓ જેમ કે આજુબાજુ ના ગ્રામ્ય વિસ્તારોમાં વિના મુલ્યે ઉકાળા નું વિતરણ, ઈ-ટેલી મેડિસિન કાઉન્સેલિંગ જેવા ઈનિશિએટિવ વિષે માહિતગાર કાર્ય હતા.









મંત્રી શ્રી એ પોતાના મંતવ્યમાં તાજેતર માં દેશભર માં કોવીડ-૧૯ ને લીધે પ્રવર્તી રહેલી સ્થિતિ વિષે વાત કરી હતી. દેશભર માં આજે લોકડાઉંન ને ૪૨ થી વધારે દિવસો પસાર થઇ ગયા છે અને હજુ ૧૫ દિવસ સુધી લોકડોવન લંબાવાયું છે.

તેઓ એ જણાવ્યું હતું કે, કોરોના વાયરસ છીંક કે ઉધરસ ખાવાથી અને એકબીજા ના સંપર્ક માં આવાથી તરત ફેલાય છે. આ વાયરસ ની કોઈ નક્કર કોઈ દવા કે રસી શોધાઈ નથી.સોશિયલ ડિસ્ટન્સ, સ્વચ્છતા અને રોગપ્રતિકારક શક્તિ માં વધારો એ જ આ વાયરસ થી બચવાની એક માત્ર ઉપાય છે. લોકો એ જાહેર માં થૂંકવું કે છીંક ખાવી ના જોઈએ, પોતાના મુખ પાર માસ્ક રાખીને ને જ બહાર નીકળવું જોઈએ અને વારંવાર હાથ ધોવા જોઈએ જેથી વાયરસ આગળ પ્રસરી ના શકે. કોરોના વાયરસ કોઈ પણ ધાતુ પર ઘણા લાંબા સમય સુધી જીવિત રહે છે તેથી જ આપણે સૌને સ્વચ્છતા નું સંપૂર્ણ પાલન કરવું જોઈએ.